# અગરના આશરે...

*(કચ્છના નાના રણમાં અગરીયાઓના મીઠું પકવવાના પરંપરાગત અધીકારો અને ઘુડખર અભયારણ્ય અંગે નોંધ)*

**કચ્છનું નાનું રણ એક વખત દરીયો હતો. ભુસ્તરીય રીતે સંવેદનશીલ એવા આ વીસ્તારમાં સમય જતાં દરીયાને મળતી નદીઓ પોતાની સાથે ઢસડી લાવેલા કાંપને પાથરી દરીયાને આઘે ધકેલતી ગઈ. સેંકડો વર્ષો સુધી આ પ્રક્રીયા ચાલતી રહી. સદીઓથી ઠલવાતા કાપના થર ઉપર થર જામતાં ગયા, અને કચ્છના નાના રણની રચના થઈ. ચોમાસાના ચાર માસ આ વીસ્તાર દરીયા જેવો લાગે, તેમાં જાત-જાતની જીવસૃષ્ટી પાંગરે, કાંઠાના માછીમારી પર નભતાં કુટુંબો તેમની આજીવીકા રળે અને પાણી સુકાતાં રણકાંઠાના ૧૦૭ ગામોમાં વસતા મોટાભાગે ચુંવાળીયા કોળી જનજાતીના સેંકડો લોકો પરંપરાગત રીતે અહીં આવી મીઠું પકવી તેમનું ગુજરાન ચલાવે.**

કચ્છના નાના રણમાં પરંપરાગત રીતે મીઠું પકવવાનો વ્યવસાય છેલ્લાં છસો ઉપરાંત વર્ષોથી ચાલે છે. અંગ્રેજોના આગમન પછી આ પ્રવૃત્તી પુરજોશમાં ચાલી. મીઠાનું ઉત્પાદન વધારવા અંગ્રેજોએ રણમાં રેલવે, પાણી, ઉપરાંત અગરીયાના બાળકો માટે શીક્ષણની સુવીધાઓ ઉભી કર્યાનો પણ જુદાં જુદાં લખાણોમાં ઉલ્લેખ છે. અંગ્રેજોના લશ્કરના નીભાવનો મોટાભાગનો ખર્ચ, કચ્છના નાના રણમાં પાકતા મીઠાની આવકમાંથી થતો. મીઠાઉત્પાદનનું કેન્દ્ર બનેલા આ વીસ્તારને અંગ્રેજો ''બડા અગર'' કહેતા. આગળ જતાં આ વીસ્તારમાં પકવવામાં આવતા મીઠાની ઓળખ ''બડાઅગર''નું અપભ્રંશ થઈ ''વડાગરું'' મીઠું થઈ.



આ વીસ્તારમાં પહેલાં દરીયો હોવાથી તથા જમીનની પોતાની ખારાશ અને સેંકડો વર્ષની પ્રક્રીયાના ભાગરુપે જમીનમાંથી મળતું પાણી (બ્રાઈન) ૧૪ થી ૨૦ ડીગ્રીની ખારાશવાળું મળે છે. રણમાં મળતાં આ પાણી, પવન, ગરમી અને ટૂંકુ ચોમાસું મીઠાના ઉત્પાદન માટે ઉત્તમ હોવાથી અહીં સારી ગુણવત્તાનું 'ગાંગડાવાળું' મીઠું પાકે છે. આ મીઠું પકવવા આસપાસના ૧૦૭ ગામના મુખ્યત્વે 'ચુંવાળીયા કોળી' સમુદાયના લોકો વંશ-પરંપરાગત રીતે વર્ષમાં આઠ માસ અહીં આવે છે. વરસાદ પડતાં પહેલાં વેપારી રણમાં આવી મીઠું ખરીદી લે, અગરીયાનો હીસાબ થાય અને અગરીયો પાછો ગામમાં પહોંચે. અગરીયા આઠ માસ કુટુંબ સાથે રણમાં રહેતા હોવાથી તેમનામાં શિક્ષણનું પ્રમાણ ઘણું ઓછું છે. છેલ્લાં થોડાં વર્ષોમાં સ્વૈચ્છીક સંગઠન (ગણતર)ના પ્રયાસોથી અગરમાં કામના સ્થળે બાળકો માટે શાળાની શરુઆત થઈ. **રાજયના ઉદ્યોગ ખાતા અને સેન્ટ્રલ સોલ્ટ કમીશનર દ્વારા અગરીયાઓના કલ્યાણ અને મીઠા ઉદ્યોગના વીકાસના કામોમાં આ વીસ્તારમાં પીવાનું પાણી, સેફટી કીટ, મોબાઈલ હેલ્થવાન, અગરીયાઓ માટે આવાસ, ફરતી અનાજની દુકાન, જેવી સેવાઓ મળવાની શરુ થઈ. આ વર્ષે રાજયના શીક્ષણ ખાતાના બજેટમાં અગરીયાના બાળકો માટે રણમાં શાળાઓ શરુ કરવા ખાસ જોગવાઈ કરવામાં આવી. આ સંયુક્ત પ્રયાસો ઘણા મર્યાદીત છે, આ શરુઆતથી અગરીયાઓમાં નવી આશા બંધાઈ છે તથા અગરીયા પરીવારોએ ફરી સારા દા'ડા આવશે નાં સ્વપ્ન જોવાનું શરુ કર્યું છે. કાંઠાના ગામોની જમીનો નબળી તથા પાણી ખારાં હોવાથી ખેતીમાં ખાસ કશું થતું નથી અને અન્ય આજીવીકાના વીકલ્પો ના હોવાથી અગરીયા**

**માટે મીઠું પકવવું તે જીવતા રહેવા માટે કરવો પડતો એક માત્ર વ્યવસાય છે.**

કચ્છનું આ નાનું રણ આશરે પાંચ હજાર ચોરસ કીલોમીટરનો વીસ્તાર ધરાવે છે. તેમાં કેટલાંક બેટ પણ આવેલાં છે. આ બેટ પર આવેલી નાની-નાની માનવ વસાહતોનું જીવન પણ અનેરું છે. આજે પણ તેઓ ખેતીમાં પરંપરાગત દેશીબીજ અને ખેતી પદ્ધતીનો ઉપયોગ કરે છે. બેટની જૈવીક વીવીધતાને જાળવવામાં તેમનો ફાળો નોંધપાત્ર છે.

આ વીસ્તારમાં સદીઓથી કાળી મજુરી કરી ધોળું મીઠું પકવતા અગરીયાની ખાસ નોંધ નથી લેવાઈ પરંતુ અગરીયા સાથે જ આ વીસ્તારમાં રહેતા ઘુડખર (જંગલી ગધેડા)ના કારણે કચ્છનું નાનું રણ વીશ્વના નકશા પર મુકાયું. આ વન્યપ્રાણી એશીયાખંડમાં માત્ર કચ્છના નાના રણમાં છે. અગરીયો અને ઘુડખરના વર્ષોના સુમેળભર્યા સહઅસ્તીત્વના કારણે વન્ય પ્રાણીની આ જાત બચી શકી છે. ક્યારેક ભય પામે તો બચવા ઘુડખરનાં ટોળાં અગર વીસ્તાર તરફ ધસી આવ્યાના દાખલા અનેક છે. આમ ઘુડખરના રહેણાંક વીસ્તારમાં તેના મીત્ર અને રક્ષક તરીકે અગરીયાની ભુમીકા મહત્વની છે. આ શાંતીપુર્ણ સહઅસ્તીત્વને કારણે ઘુડખરેની સંખ્યા ક્રમશઃ વધતાં-વધતાં આજે આશરે ૪૦૦૦ની આસપાસ પહોંચી છે.


**જાન્યુઆરી ૧૯૭૩માં આ રણ વીસ્તારના ૪૮૪૦.૮૯ ચો.કી.મી. વીસ્તારને તથા જાન્યુઆરી ૧૯૭૮માં ૧૧૨.૮૧ ચો.કી.મી. મળી કુલ ૪૯૫૩.૭૦ ચો.કી.મી. વીસ્તારને ઘુડખર અભ્યારણ્ય તરીકે જાહેર કરવા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.** આટલાં વર્ષોમાં પહેલીવાર કેટલાક સ્થાપીત હીતોએ અગરીયાને ઘુડખરનો દુશ્મન ચીતરવાનું શરુ કર્યું, તથા મીઠા ઉત્પાદનને કારણે ઘુડખરને નુકસાન થાય છે તેવો પ્રચાર કરવાનું શરુ કર્યું.


**૧૯૯૬માં ‘ધ્રાંગધ્રા પ્રકૃતી મંડળ’ તથા ‘ગોંડલ ફોરેસ્ટ યુથ કલબ’ દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં જાહેર હીતની અરજી Sp.CA No. 8487/96 દાખલ કરવામાં આવી.આ કેસની સુનાવણી દરમ્યાન ગીર ફાઉન્ડેશનને કચ્છના નાના રણનો ઈકોલોજીકલ અભ્યાસ હાથ ધરી ઘુડખર અભયારણ્યમાં વન્ય પ્રાણીઓના સંરક્ષણ અને મીઠા ઉદ્યોગ બાબતે શું કરવું જોઈએ તે સુચવવા જણાવવામાં આવ્યું. ગીર ફાઉન્ડેશન દ્વારા અભ્યાસની પ્રક્રીયા પુર્ણ કરી સંબંધીત પક્ષકારો અને પ્રતીનીધીઓ સાથે બે કાર્યશાળા યોજી, અભ્યાસનો આખરી અહેવાલ આપવામાં આવ્યો. ગુજરાત સરકારના અગ્ર સચીવ, અધીક મુખ્ય સચીવશ્રી વન અને પર્યાવરણ, અધીક મુખ્ય સચીવશ્રી ઉદ્યોગ તથા અધીક સચીવ શ્રી**

*અંગ્રેજોના શાસનકાળમાં મીઠાનું ઉત્પાદન અને વેપાર સરકારના હાથમાં હતું. આઝાદીની ચળવળ વખતે મીઠાકર ખતમ કરવાના આંદોલનરુપે પ્રતીકાત્મકરીતે દાંડી સત્યાગ્રહ થયો. દેશ આઝાદ થયો ત્યાર પછી આપણા બંધારણમાં માર્ગદર્શક સીદ્ધાંતોમાં મીઠાની કરમુક્તીનો સમાવેશ કરવામાં આવ્યો. આમ મીઠું ઈરાજાની યાદીમાંથી બાદ કરી આવશ્યક ચીજવસ્તુ તરીકે બંધારણની સાતમી અનુસુચીમાં કેન્દ્રના વીષય તરીકે ઉમેરાયું. હવે મીઠા ઉદ્યોગને લગતા તમામ મુદ્દાઓ કેન્દ્રના તાબામાં આવ્યા અને સેન્ટ્રલ સોલ્ટ કમીશનરને આ માટે જરુરી સત્તાઓ આપવામાં આવી. મીઠાના ઉત્પાદન સાથે સંકળાયેલા અગરીયાઓ શ્રમજીવી તરીકે કેન્દ્ર અને રાજ્ય બંનેની યાદીમાં રહ્યા.*

*કેન્દ્ર સરકારે સને ૧૯૪૮, ૧૯૫૦ અને ૧૯૫૮માં મીઠા ઉદ્યોગના વીકાસ માટે ત્રણ ખાસ સમીતીઓની રચના કરી. ૧૯૫૦માં રચાયેલી ખાસ કમીટીની ભલામણના આધારે ૧૦ એકર જમીનમાં મીઠું પકવવાની પ્રવૃત્તીને લાયસન્સમાંથી મુક્તી આપવામાં આવી. સરકારે ૧૯૫૩માં સોલ્ટ સેસ લેવાનું નક્કી કરવામાં આવ્યું. પહેલીવાર ઉદ્યોગનો વીકાસ અને અગરીયાના કલ્યાણ માટે સોલ્ટ કમીટીના સુચન મુજબ ૧૯૫૪-૫૫માં પાંચ વર્ષના કાર્યક્રમનું આયોજન થયું.*

*૧૯૫૮માં સોલ્ટ સેસ એક્ટ હેઠળ “સોલ્ટ ડેવલપમેન્ટ ફંડ”ની રચના થઈ. આ ભંડોળના વ્યવસ્થાપની સત્તા “સેન્ટ્રલ સોલ્ટ બોર્ડ”ને આપી. આ માટે સરકારે કોડ ઓફ પ્રીન્સીપલ્સ તૈયાર કર્યા, અને તેમાં મીઠા ઉદ્યોગના વીકાસની સાથે સાથે અગરીયાના વીકાસ અને કલ્યાણ પર ભાર મુકવામાં આવ્યો. આ ફંડમાંથી વહીવટી ખર્ચ, ઉદ્યોગનો વીકાસ અને અગરીયાઓના કલ્યાણ માટે કેટલો હીસ્સો વપરાશે તેની કોઈ સ્પષ્ટતા નથી, આથી આજે ભંડોળના ૮૦% રકમ સેન્ટ્રલ સોલ્ટ કમીશનર કચેરી દ્વારા વહીવટી ખર્ચ તરીકે ખર્ચવામાં આવે છે. સોલ્ટ સેસ ભરવામાંથી ૧૦ એકર અને તેથી નાના એકમોને મુક્તી આપવામાં આવી છે. સીગારેટ અને બીડી કામદાર અને સીનેમા કામદારના કલ્યાણ અને નોકરીની શરતોના નિયમન માટે અલગ કાયદો છે. આવો કોઈ કાયદો કે નીતીની અગરીયાઓ માટે પણ બને તે જરુર છે.*



સુચિત ઘુડખર અભ્યારણ્ય

**મહેસુલ વીભાગની એક ઉચ્ચ કક્ષાની સમીતી નીમવામાં આવી હતી. આ સમીતીએ ગીર ફાઉન્ડેશનના અહેવાલમાં કરવામાં આવેલી ભલામણોનો (જેમાં 'સોલ્ટ ઝોન' અલગ તારવી મીઠું પકવવાની મંજુરી આપવાનો સમાવેશ થાય છે) સ્વીકાર કરવામાં આવ્યો. આ અહેવાલમાં કરવામાં આવેલી ભલામણો નીતીવીષયક નીર્ણય લેવા સરકાર પાસે મંજુરી માટે પડતર છે.**

ગુજરાત વન્ય પ્રાણી અને પક્ષીઓના સંરક્ષણ બાબતનો અધીનીયમ - ૧૯૬૩ અને વન્ય પ્રાણી (સંરક્ષણ) અધીનીયમ - ૧૯૭૨ મુજબ કચ્છના નાના રણને ૧૯૭૩માં અભયારણ્ય જાહેર કરવાની પ્રક્રીયા શરુ કરવામાં આવી. ચોવીસ વર્ષના ગાળા પછી અભયારણ્ય વીસ્તારમાં સ્થાનીક લોકોના હક્ક હીતો સેટલમેન્ટની પ્રક્રીયાથી નક્કી કરવા **તા. ૨૮-૪-૧૯૯૭ના ઠરાવથી અધીક કલેક્ટરની નીમણુંક થઈ. અધીક કલેક્ટરશ્રી (ઘુડખર અભ્યારણ્ય) સર્વે અને સેટલમેન્ટ, સર્વે ભુવન, સુરેન્દ્રનગર દ્વારા અગરીયાઓના હક્ક-હીતોની ચકાસણી માટે તા. ૨૫-૯-૧૯૯૭ ના રોજ એક જાહેરનામું બહાર પાડી અભયારણ્ય વીસ્તારની જમીનમાં હક્ક-હીતો ધરાવતા વ્યક્તીઓ પાસેથી ૬૦ દીવસમાં (બે માસ) દાવા રજુ કરવા અને મુદત બહાર રજુ થયેલા દાવાઓ સ્વીકારવામાં આવશે નહીં, તેવું જાહેર કરવામાં આવ્યું.** ઉપરોક્ત જાહેરનામાની વ્યાપક પ્રસીદ્ધ કરી અભયારણ્ય વીસ્તારમાં આવરી લેવાયેલ જમીનમાં હક્ક-હીતો ધરાવનારને જાણ કરવા તથા તે બાબતના જરુરી રોજકામ કરી તેની જાણ અધીક કલેક્ટરશ્રી (ઘુડખર અભ્યારણ્ય)ને કરવા જણાવવામાં આવ્યું.

**કચ્છના નાના રણમાં પેઢી દર પેઢીથી પરંપરાગત રીતે મીઠું પકવવાનો વ્યવસાય કરતા અગરીયા વર્ષનો મોટો ભાગ (આઠ માસ) રણમાં રહે છે, રણ વીસ્તાર કચ્છનું નાનું રણ - સર્વેનંગર '૦' અથવા 'નીલ' ગ્રામ પંચાયતની કે કોઈ જિલ્લા કલેક્ટરની હદમાં આવતો નથી, અગરીયો આ ગાળા દરમ્યાન જવલ્લેજ, ના છુટકે માંદગી કે અન્ય અનીવાર્ય પ્રસંગોએજ ગામમાં જાય છે. ઉપરાંત આ સમુદાયમાં શીક્ષણનું પ્રમાણ ઘણું ઓછું છે. ઉપરોક્ત જાહેરનામાની જાણ અગરીયાઓને થઈ જ ન હતી. આથી મોટાભાગના અગરીયાઓ જાહેરનામું પ્રસીદ્ધ થયાના બે માસમાં તેમના દાવા રજુ કરી શક્યા નથી.**

આ સમય દરમ્યાન અગરીયાઓના સવાલો પ્રત્યે નીસબત ધરાવતા નાગરીકો, સંગઠનો અને અગરીયાઓ દ્વારા અગરીયા હીતરક્ષક મંચની રચના ઓગષ્ટ ૨૦૦૫ માં થઈ. મંચે અગરીયાઓ માટે સરકાર દ્વારા થતાં કલ્યાણકારી કામોમાં રસ લેવાનું તથા અગરીયાની રજુઆતો સરકારમાં પહોંચાડી અગરીયાના સવાલો અંગે હીમાયત કરવાનું શરુ કર્યું. રાજય સરકારના ઉદ્યોગ વીભાગના નેજા હેઠળ બનેલી 'સ્ટેટ એમ્પાવર્ડ કમીટી'માં જોડાવા મંચને આમંત્રણ મળતાં, અગરીયાના કલ્યાણ માટે થતા સરકારના પ્રયાસોને વધુ અસરકારક બનાવવામાં સહભાગી થવાની મહત્વની ભુમીકા મંચે ભજવી. આ દરમ્યાન ઘુડખર અભયારણ્યમાં આવરી લેવાયેલી જમીનો બાબતે હક્કચોકસીની બાબત ધ્યાન પર આવતાં અગરીયાઓ માટેના રેડીયો કાર્યક્રમ ***"ગાંગડો લાગે વ્હાલો"*** દ્વારા જાહેરાત કરી અગરીયાઓ સાથે આ મુદ્દે ચર્ચાઓ યોજવામાં આવી. **ચર્ચા દરમ્યાન અગરીયાઓને પહેલીવાર ખબર પડી કે, અભયારણ્ય જાહેર થયા પછી પોતાના હક્ક-હીતોના દાવા રજુ કરવા પડે. જેમને ખબર હતી તેવા થોડાક અગરિયા એવું માનતા હતા કે ઘુડખરના રક્ષણ અને ખેતીના બચાવ માટે અભયારણ્ય જાહેર થયું છે. હવે ઘુડખર અને અગરીયા બંને રણમાં શાંતીથી રહી શકશે. પણ જ્યારે તેમને ખબર પડી કે ૨૫-૯-૧૯૯૭**




**ના જાહેરનામા મુજબ તેમણે તેમના દાવા રજુ કરવાના હતા. જાહેરનામા અંગે તેમને પુરી સમજ મળતાં તેમણે તા. ૭-૧૨-૨૦૦૬ના રોજ ધ્રાંગધ્રામાં સંમેલન કરી દાવા રજુ કરતી અરજીઓ અધીક કલેક્ટરશ્રી (ઘુડખર અભયારણ્ય)ને કરવાની શરુ કરી.** જેમ જેમ ખબર પડતી ગઈ તેમ-તેમ ત્રણ હજાર ઉપરાંત પરંપરાગત મીઠું પકવતા અગરીયાઓએ અરજીઓ મારફત તેમના દાવા રજુ કર્યા છે. હજુ ઘણા અગરીયાઓને આ પ્રક્રીયાની જાણ ન હોવાથી તેમના હક્ક-દાવા રજુ કરી શક્યા નથી.

બીજો અગત્યનો મુદ્દો એ છે કે, **અગરીયાઓ સદીઓથી પરંપરાગત રીતે રણમાં જઈ પેઢી દર પેઢીથી મીઠું પકવતા હોવાથી તથા બજાર સાથે તેમનો કોઈ સંપર્ક ન હોવાથી તેમના મીઠું પકવવાના અધીકારોને સાબીત કરવા માટેના ઠોસ દસ્તાવેજી પુરાવાઓ તેમની પાસે નથી. આજથી ૩૪ વર્ષ પહેલાં ૧૯૭૩માં ઘુડખર અભયારણ્ય જાહેર થયું. ૧૯૭૩થી અત્યાર સુધીમાં અગરીયાની ત્રીજી પેઢી રણમાં મીઠું પકવે છે. અગરીયાની સંખ્યા વધી હોવાથી મીઠા ઉત્પાદન હેઠળનો વીસ્તાર પણ વધે તે સ્વાભાવીક વાત છે. આ સંદર્ભે અગરીયાની આજની પરીસ્થીતી પ્રમાણે સર્વે અને હક્ક ચોકસી થવી જરુરી છે. મોટાભાગના અગરીયા માને છે કે, તેમના હક્કો રજુ કરવા તેમને સમય આપવો જોઈએ, તેની વ્યાપક જાણ રણ વીસ્તારમાં કરવી જોઈએ અને તેમના દાવાની ખરાઈ માત્ર દસ્તાવેજી પુરાવાના આધારે જ ના કરતાં જેમની પાસે પુરતા પુરાવા ના હોય તે કીસ્સામાં ગ્રામસભામાં તેમના દાવાઓની ખરાઈ કરવી જોઈએ. આ ઉપરાંત અધીક કલેક્ટર (ઘુડખર અભયારણ્ય)એ રણ વીસ્તારમાં જઈ અગરીયાઓને રુબરુ મળી જાત તપાસ પણ કરવી જોઈએ.** દેશના શહેરમાં રહેતા શીક્ષીત નાગરીકોની જેમ તેઓ કલેક્ટર કચેરીમાં જઈ પોતાના દાવા રજુ કરી તે સાબીત કરવા સક્ષમ નથી. માહીતી અધીકાર હેઠળ પુછેલા સવાલના જવાબમાં અધીક કલેક્ટર (ઘુડખર અભયારણ્ય)એ તા. ૧૨-૧૨-૨૦૦૬ના પત્રથી આપેલા જવાબમાં સ્પષ્ટ જણાવ્યું છે કે, અત્યાર સુધી તેમને **કુલ ૧૭૭૬ વ્યક્તીગત દાવા અને ૭૭ મંડળીઓના દાવા મળ્યા છે. તેમાંથી તેમણે ૨૬૮ વ્યક્તીગત અને ૧૪ મંડળીઓના દાવા મંજુર કર્યા છે. જ્યારે રાજ્યના ઉદ્યોગ કમીશનરની કચેરીની સોલ્ટ બ્રાન્ચની માહીતી પ્રમાણે અભયારણ્ય વીસ્તારના ચાર જીલ્લા કચ્છ, પાટણ, રાજકોટ (માળીયા) અને સુરેન્દ્રનગરના મળી કુલ ૪૮ હજાર ઉપરાંત અગરીયા પરીવારો સીધા મીઠા ઉત્પાદન સાથે સંકળાયેલા છે.** હવે સવાલ એ થાય છે કે જો આ પરીવારોને ૨૫-૯-૧૯૯૭ના જાહેરનામાની ખબર પડી હોય તો હક્ક દાવાની માત્ર ૧૭૭૬ અરજીઓ જ કેમ મળી ? **આ ઓછી મળેલી અરજીનો આંકડો જ બતાવે છે કે જાહેરનામાથી અગરીયાઓ તદ્દન અજાણ હતા, તેમને હક્કદાવા રજુ કરવાની કાર્યવાહીની જાણ જ નહોતી થઈ.**

આ પરીસ્થીતી માટે જવાબદાર અગરીયા નથી પણ સમાજ અને સરકાર છે. સમાજે મીઠું વાપરી પોતે સ્વાદ મેળવ્યો પણ અગરીયાની બેસ્વાદ જીંદગીમાં ક્યારેય ડોકીયું નથી કર્યું. શીયાળામાં ક્યારેક $0^\circ$ થી માંડી ઉનાળાના $૪૯^\circ$ તાપમાનમાં ખુલ્લા આકાશ અને શરીરને બાળી નાખતા પવનના સુસવાટા વચ્ચે મારી-તમારી માટે મીઠું પકવતો અગરીયો અને ઘુડખર જ આ પરીસ્થીતીમાં જીવતા રહી શકે. આપણે આ બંનેના સહઅસ્તીત્વને સમજવું પડશે. જો રણમાં અગરીયા નહી હોય તો આપણે ઘુડખરને પણ બચાવી શકવાના નથી.

**- હરિણેશ પંડ્યા**
**(અગરીયા હીતરક્ષક મંચ)**